ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૨-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

રાહુલની પીડા : દેશની ન્યાય પદ્ધતિ સામે પ્રશ્નાર્થ

રાજીવ ગાંધીના હત્યારાઓને સર્વોચ્ચ અદાલત દ્વારા મૃત્યુદંડમાંથી મુક્તિ અપાતાંની સાથે તમિલનાડુમાં ફટાકડા ફૂટ્યા, કાશ્મીરના નેતા અને કેન્દ્રીય મંત્રી ફારૂક અબ્દુલ્લાએ તરત જ અફઝલ ગુરૂને અપાયેલી ફાંસી અયોગ્ય હતી એવું નિવેદન કરી દીધું, એટલું ઓછું હોય એમ જનમટીપ ફેરવાયેલી સજા ભોગવાઇ ગણેલી માની લઇ ઉતાવળે અન્ના દ્રમુકની જયલલિતા સરકારે તમામ સાતે આરોપીઓને કેન્દ્રીની મંજુરીની અપેક્ષાએ છોડી મૂકવાની જાહેરાત પણ કરી દીધી. બોત્તેર કલાકમાં કેન્દ્રનો જવાબ નહીં મળે તો સાતે આરોપી સ્વતંત્ર નાગરિકની જેમ દેશ અને દુનિયામાં ફરતા ફરતા જોવા મળશે. રાજીવ ગાંધીની હત્યા કર્યા બદલ કોઇ પણ જાતનો પસ્તાવો નહીં દાખવનારા આ હત્યારાઓનું એમના તમિળ ટાઇગરો લાલ જાજમ પાથરીને સ્વાગત ન કરે તો જ નવાઇ. તમિલ વોટબેંક માટે દ્રમુક અને અન્નાદ્રમુક વચ્ચે કૂતરાં બિલાડાં જેવી વટવાડ ચલાતી રહે છે. આવી સોનેરી તક ઝડપી લેવામાં કરૂણાનિધિ મોખરે જ હોય. જેવું સુપ્રીમ કોર્ટનું રૂલિંગ આવ્યું કે સૌ પ્રથમ એમણે એને આવકાર્યું હતું. જયલલિતાએ વળતો ફટકો મારી તત્કાળ એ તમામ કેદીઓને છોડવા માટેનો નિર્ણય કરવા કેબિનેટ બોલાવી દીધી અને કેન્દ્ર સરકારને બોત્તેર કલાકનું એક રીતે કહીએ તો, અલ્ટિમેટમ જ આપી દીધું. રાહુલ ગાંધીએ એમના મતવિસ્તાર અમેઠીમાં સર્વોચ્ચ અદાલત અને તમિલનાડુ સરકાર સામે આડકતરું નિશાન તાક્યું. એમણે સીધો જ અમેઠીના પ્રજાજનોને સવાલ કર્યો : શું આ ન્યાય કહેવાય? દેશના વડાપ્રધાનના હત્યારા છૂટી જશે, મારીતમારી જેમ મુક્ત રીતે ફરતા થઇ જશે. જો દેશના વડાપ્રધાનને ન્યાય ન મળી શકતો હોય તો સામાન્ય માણસ તો એવી આશા જ શી રીતે રાખે! રાહુલ આ પ્રશ્ન કરતા હતા ત્યારે એમના ચહેરા પર પિતા ગુમાવ્યાની વેદના સ્પષ્ટ રીતે વાંચી શકાતી હતી. એમણએ કબૂલ્યું કે હું સમજું છું કે કોઇને સજા થવાથી મારા પિતા મને પાછા નથી મળી જવાના. પરંતુ સવાલ 'ન્યાય'નો છે. પોતે ફાંસીની સજાની વિરૂદ્ધ હોવાનો એકરાર પણ એમણે કર્યો. પરંતુ બિટવિન ધ લાઇન્સ એટલું જરૂર સૂચવી દીધું કે ફાંસીની સજા પામેલા રાજીવ ગાંધીના હત્યારાઓ છૂટથી હરે ફરે, જેલમાંથી છૂટ્યાનો જશન મનાવે એ તો ઉચિત ન જ ગણાવું જોઇએ. આમ થવાથી તો ખુદ ન્યાયતંત્ર હાંસીને પાત્ર ઠરશે. રાહુલ ગાંધીની પીડા એ ભૂતપૂર્વ વડાપ્રધાન પિતાના એક માત્ર પુત્ર તરીકેની પીડા નથી. એમાં રાષ્ટ્રની પીડા વંચાવી જોઇએ. વડાપ્રધાનની હત્યા કરનારાઓને ફક્ત વ્યક્તિની નહીં બલકે રાષ્ટ્રના ગૌરવની એની અસ્મિતાની હત્યા કરી છે. ગૃહમંત્રાલયના અભિપ્રાય મુજબ આ કેદીઓને છોડવાનો રાજયને અધિકાર નથી, કારણ કે સજા સીબીઆઇની તપાસના અંતે 'ટાડા' કોર્ટે ફરમાવી હતી. એથી ઉલ્ટું સુપ્રીમ કોર્ટે રાજયની પાસે આવી સત્તા હોવાનો સંકેત આપેલો છે. વડાપ્રધાને નિવેદન બહાર પાડીને કહ્યું છે કે રાજીવ ગાંધીની હત્યા એ રાષ્ટ્રના આત્માની હત્યા હતી. એમણે ગુનેગારનો છોડી મૂકવાના રાજય સરકારના નિર્ણયને ખોટો ગણાવ્યો છે અને જણાવી દીધું છે કે રાજય સરકાર એ ગુનેગારોને ન છોડે. જય લલિતાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં પુનર્વિચારણા કરવા માટેની રીટ અરજી પણ દાખલ કરાઇ રહી છે. જેના અનુસંધાને આ ગુનેગારોને હાલ તુરત નહીં છોડવાનો સ્ટે અપાયો છે. કપિલ સિબ્બલ પોતે કાયદાના નિષ્ણાત છે. એમને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પણ સણસણતો સવાલ પૂછ્યો છે : આતંકવાદના મુદ્દે દેશ આખામાં મોટી ગર્જના કરનારા મોદીએ તમિળનાડુની રાજય સરકાર સામે કોઇ જ નિવેદન કર્યુંનથી કે આ જઘન્ય હત્યામાં સંડોવાયેલા ગુનેગારોને છોડી મૂકવાના મુદ્દે કોઇ જ અભિપ્રાય ઉચ્ચાર્યો નથી. સિબ્બલે પૂછ્યું છે અને દેશ આખો પૂછી શકે કે આ મુદ્દે ભાજપના વરિષ્ઠ નેતા મૌન કેમ? મોદી અને ભાજપના મૌન પાછળ પણ દ્રમુક-અન્ના દ્રમુકની વોટબેંક જ છે. કેન્દ્રમાં ભવિષ્યમાં રચાનારી સરકારને આ પાર્ટીઓના ટેકાની જરૂર પડવાની છે. રાજકારણની ટૂંકા અને લાંબા ગાળાની ગણતરીઓમાં વડાપ્રધાનની હત્યા જેવા મુદ્દાને પણ પોતપોતાની અનુકૂળતા મુજબ ઘટાવવાની રીત બરાબર તો ન જ ગણાય.

આજે હીરામણી સ્કૂલમાં રસસૃષ્ટિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

સરખેજ ગાંધીનગર હાઈવેપર આવેલી હીરામણી સ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ રસસૃષ્ટિ આજરોજ સાંજે ૭.૦૦ કલાકે હીરામણી સ્કૂલ કેમ્પસ ખાતે યોજવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત વાલીગણને ઉપસ્થિત રહેવા શાળા સંચાલક દ્વારા જણાવ્યું છે.

વક્તૃત્વ સ્પર્ધામાં કોમલ દોશી પ્રથમ

ગાંધીનગર, તા. ૨૦

મગોડી મુકામે તાજેતરમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ઉચ્ચત્તર વિભાગમાંથી દોશી કોમલ નિલેશભાઈ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરેલ છે.

૩૦૦ રૂપિયા રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર, પુસ્તકો ઈનામમાં મળેલ છે. શાળાની અન્ય વિદ્યાર્થીની પરમાર વિધિને ભાગ લેવા માટે ૧૦૦ રૂપિયા પુરસ્કાર પ્રમાણપત્ર તથા પુસ્તક મળેલ છે. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી માર્ગદર્શક શિક્ષકોએ અભિનંદન પાઠવ્યા છે.

પરીક્ષાલક્ષી માર્ગદર્શન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા સમાજના ધો. ૧૦, ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પરિણામ મેળવે અને તેમની કારકિર્દી ઉજ્જવળ બનાવે તે માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન તા. ૨૩ ફેબ્રુઆરી, રવિવાર બપોરે ૪.૦૦ કલાકે જલારામ મંદિર સે. ૨૯ ખાતે મિટિંગ યોજવામાં આવશે.

મિટિંગમાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે અને તેમની ઉજળી કારકિર્દી માટે શુભકામના પાઠવવામાં આવશે. સમાજના સર્વે સભ્યોએ ઉપસ્થિત રહેવું.

એઈડ્સ, થેલેસેમિયા રોગ પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી, વુમેન ડેવલપમેન્ટ સેલ અને રેડ રિબન ક્લબ દ્વારા સે. ૨૩ સ્થિત કે.બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ખાતે એઈડ્સ અને થેલેસેમિયા વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી.

વિદ્યાર્થીઓ એઈડ્સ અને થેલેસેમિયા જેવા જીવલેણ બિમારીઓથી જાગૃત બને તે માટે તે વિષય પર વકત્ત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મંડળની વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. અને પોતાનું વક્તવ્ય પુરૂ પાડ્યું હતું. જેમાં સી.એમ. હાઈસ્કૂલના હિરેન વાઘેલા અને શ્રીમતી આર.સી. પટેલ સ્કૂલની રિદ્ધી રૂપાણી પ્રથમ અને દ્વિતીય ક્રમે રહ્યા હતા.

ગાંધીનગરના આંબેડકર હૉલ ખાતે આધુનિક નાટક 'રમત' ભજવાયું

સુભાષ શાહ લિખિત અને ભરત ઠક્કર દિગ્દર્શિત નાટક પ્રેક્ષકો માટે ખાસ્સું મનોરંજક બની રહ્યું

ગાંધીનગર, તા. ૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર

હૉલ, સેક્ટર-૧૨ ખાતે ગત તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ 'રમત' નામનું એક આધુનિક નાટક ભજવાયું હતું, જે પ્રેક્ષકો માટે ખાસ્સું મનોરંજક બની રહ્યું હતું.

રમતગતમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની આર્થિક સહાયથી પ્રસ્તુત આ નાટકનું નિર્માણ બી ટી કૉમ્યુનિકેશન, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું અને ગાંધીનગરમાં જાહેર જનતાના મનોરંજન માટે તે ભજવાયું હતું. સુભાષ શાહ દ્વારા લિખિત અને જાણીતા સ્ટેજ-ટીવી કલાકાર ભરત ઠક્કર દ્વારા દિગ્દર્શિત આ નાટકમાં માનવ માત્રના જીવનમાં એક સાથે રહેતી ભ્રમણા અને વાસ્તવિકતા નિરૂપવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરની યુવા કલાકાર શિવાની ભટ્ટ તથા અમદાવાદના જાણીતા કલાકાર શૌનક વ્યાસ અને જય મહેતાએ આ નાટકમાં પોતાનો જાનદાર અભિનય આપીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં. ચોટદાર સંવાદોએ પ્રેક્ષકોને શરૂઆતથી અંત સુધી જકડી રાખ્યા હતા.

નાટકની વાર્તા મુજબ નાટ્ય દિગ્દર્શક ક્રિષ્ના અને કૉલેજમાં પ્રૉફેસર એવી તેની પત્નીના જીવનમાં તેના વિદ્યાર્થી એવા એક યુવાનનું આગમન થાય છે. મહિલા પ્રૉફેસર અને યુવાન વિદ્યાર્થી એકબીજા તરફ ખેંચાણ અનુભવે છે અને એ સાથે 'પતિ, પત્ની ઔર વહ'ની પરિસ્થિતિનું નિર્માણ થાય છે. ત્રણેયનાં મનમાં ઘમાસાણ મચે છે. ક્યારેક લાગણી, ક્યારેક પ્રેમ, ક્યારેક રોષ તો ક્યારેક અપરાધ ભાવના ત્રણેયનાં મનમાં જન્મ લે છે અને ત્રણેયને અકળાવે છે. આ સતત ગૂંગળામણનો અહેસાસ અંતે ઊભી કરે છે : 'રમત'. રમત - ત્રણ જીવતાં પાત્રોની!

માનવ મનની લાગણીઓ ઉજાગર કરતું હોવાને કારણે નાટક પ્રેક્ષકોને સ્પર્શી ગયું હતું અને સૌએ એક અવાજે તેને સરાહ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન નાટકનાં સહાયક દિગ્દર્શક મોરલી પટેલે કર્યું હતું તથા અંતે આભાર દર્શન અને કલાકારોનો પરિચય દિગ્દર્શક ભરત ઠક્કર દ્વારા આપવામાં આવ્યો હતો.

પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નો બાબતે શિક્ષણ ખાતાનો હકારાત્મક અભિગમ

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નોની સરકાર સમક્ષ રજૂઆત કરાઈ હતી. શિક્ષક સંઘની રજૂઆતને શિક્ષણ ખાતા દ્વારા બદલીના ઠરાવમાં સુધારા કરતો ઠરાવ, શિક્ષકો-મુખ્ય શિક્ષકો તથા વિદ્યાસહાયકની ફરજો નક્કી કરતો ઠરાવ શિક્ષણ ખાતા દ્વારા બહાર પડાયો છે. આ ઉપરાંત શિક્ષણ સિવાયની કામગીરીમાંથી મુકિત આપતો ઠરાવ અને ધોરણ-૧ થીપમાં સ્નાતકની લાયકાત ધરાવતા શિક્ષકોને વિકલ્પ આપી અપર પ્રાયમરીમાં સમાવવા બાબતે પણ નિર્ણય કરાતા શિક્ષક સંઘમાં આનંદનું મોજું ફરી વળેલ છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા તા. ૨૬મી ફેબ્રુઆરીએ એક વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેનાર છે.

સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષકોના ૯, ૨૦, ૩૧ના ઉચ્ચતર પગાર ધોરણો બાબતે એલએફ દ્વારા ઓડીટ પેરા ઉભો કરાયેલ તે બાબતે પણ શિક્ષણ વિભાગ દ્વારા એચટીએટી પરીક્ષાનો ઓડીટ પેરા દુર કરી સમયસર ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબતે હકારાત્મક અભિગમની ખાત્રી આપવામાં આવેલ છે. જે માટે શિક્ષક સંઘે ગુજરાત સરકારના શિક્ષણ ખાતાનો આભાર માન્યો છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તા. ૨૬મી ફેબ્રુઆરીએ સમગ્ર ભારતના જુદા જુદા રાજયોમાંથી તમામ યુનિયનો અને ગુજરાતના તમામ યુનિયનોના હોદ્દેદારોનો વર્કશોપ યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહી તમામ યુનિયનોના હોદ્દેદારોને સંબોધન કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી શિક્ષક આગેવાનો પણ ઉપસ્થિત રહેશે.

રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાઘાણી, પ્રાથમિક શિક્ષણ વિભાગના અગ્ર સચિવ સંગીતા સિંઘ અને પ્રાથમિક શિક્ષણ નિયામક આર.સી. રાવલના હકારાત્મક વલણથી પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે છે તેવા ઉલ્લેખ સાથે પ્રાથમિક શિક્ષક સંઘે શિક્ષણ વિભાગનો આભાર માન્યો હતો.

અનુસૂચિત એકતા મંચની આજે મીટીંગ

ગાંધીનગર, તા.૨૦

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા વીરમાયા તથા સંત રોહિદાસની જન્મ જયંતિની તૈયારી માટે તા. ૨૧મી ફેબ્રુઆરી સાંજે ૬-૦૦ વાગે સેકટર-૬ના બગીચામાં મીટીંગ રાખેલ છે એમ એકતા મંચના કન્વીનર વાસુદેવ શ્રીમાળીએ જણાવેલ છે.

આજે ગાંધી મિત્ર વર્તુળની બેઠક

ગાંધીનગર, તા.૨૦

ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક આજ રોજ, શુક્રવાર સાંજે ૪.૦૦ કલાકે ગાંધીજન ગિજુભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન પ્લોટ નં. ૬૨૮, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે યોજવામાં આવશે. જેમાં સૌ ગાંધી મિત્રોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

આજે બાયસેફની મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

બાયસેફ ગાંધીનગર જિલ્લા યુનિટની તા. ૨૧મી ફેબ્રુઆરીના પાંચ વાગે સાંજે સેકટર-૬ના બગીચામાં મીટીંગ રાખેલ છે. જિલ્લાના વરિષ્ઠ કાર્યકર શ્રી મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહી માર્ગદર્શન આપશે. નવા વર્ષની કારોબારીની રચના કરવામાં આવશે તેમ જિલ્લા પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ સોલંકીએ જણાવેલ છે.

ચૌધરી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની જે.એમ. ચૌધરી

કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ રોહતક ખાતે યોજવામાં આવેલ ત્રીજી નેશનલ રૂરલ ગેમ્સ ૨૦૧૩-૧૪માં ભાગ લીધો હતો. સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ બાજી મારી હતી.

શહેરની સેકટર-૭ સ્થિત જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રૂરલ ગેમ્સ એસોસિએશન ઓફ હરિયાણા દ્વારા રોહતક ખાતે યોજવામાં આવેલ ગેમ્સમાં ભાગ લીધો હતો. તા. ૭ થી ૯ ફેબ્રુઆરી દરમિયાન વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં જૂડોમાં શાળાના કુ. રમીલા ચૌધરી અને તત્વદર્શના ચૌધરીએ ગલ્ડ મેડલ તેમજ સુરેખા ચૌધરી અને વિશ્વજીત બામણિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શકિતઓને શાળા પરિવારે બિરદાવી હતી.

જે.એમ. ચૌધરી હાઈસ્કુલમાં શુભેચ્છા-ઈનામ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શુભેચ્છા સહ વિદાય સમારોહ, ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં દીપ પ્રાગટય કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી અને હોદેદારોએ હાજરી આપી હતી.

ધો-૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ શાળાના સંસ્મરણો આપ્યા હતા. શાળાના મંત્રીશ્રી મણીભાઈ ચૌધરી તથા શિક્ષકોએ આર્શીવચન તથા શુભેચ્છા પાઠવી હતી.

શાળાના ઈતર પ્રવૃત્તિ, બાહ્ય પ્રવૃત્તિ તથા રમતના ઈનામો આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં લાવણી નૃત્ય, રાજસ્થાની નૃત્ય, રીમીકસ ડાન્સ, ગરબો, ફિલ્મી ગરબો યોજાયા હતા. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

કૃષ્ણ અને યશોદાનો સંબંધ માતા અને પુત્રનો છે પરંતુ યશોદા સૃષ્ટિની બધી જ માતાઓના વાત્સલ્ય ભાવનાનું પ્રતિક છે

યશોદા ભગવાન શ્રીકૃષ્ણની પાલક માતા હતી. ગોપરાજા નંદના પત્ની યશોદાએ પ્રેમપૂર્વક - વાત્સલ્યતાથી બાળ કૃષ્ણને ઉછેર્યા હતા.

મથુરામાં કારાગૃહમાં જ વસુદેવ અને દેવકીને રાખવામાં આવ્યા હતા, મહાપાપી મામા કંસને દેવકીનો આઠમો પુત્ર વધ કરશે તેનાથી ડરી ડઈને કારાગૃહમાં પુરાયેલા દેવકીને શ્રીકૃષ્ણનો પ્રસવ થયો, તે જ સમયે ગોકુળમાં યશોદાની કૂખે કન્યા જન્મી.

મહાવદ-૬ : યશોદા માતા જયંતિ
પ્રસંગસર
શાન્તીલાલ બી. પટેલ

પિતા વસુદેવ શ્રીકૃષ્ણને લઈ જમુના નદી પાર કરી ગોકુળ ગયા. તેમના મિત્ર નંદના ઘેર અંધકારમાં બાળકોની અદલા બદલી કરી લીધી, યશોદાને જાણ થઈ નહિ.

યશોદાએ હેત અને વાત્સલ્યથી શ્રી કૃષ્ણનો ઉછેર કર્યો. શરૂઆતમાં શ્રીકૃષ્ણ એક સામાન્ય બાળકથી વિશેષ ન જણાયા. પરંતુ માટી ખાવાના પારખા મેળવવા શ્રીકૃષ્ણનું મો ખોલાવ્યું ત્યારે તેમણે મુખમાં અનંત બ્રહ્માંડનાં દ્રશન કરાવી પોતાની ઓળખ આપી હતી.

નટખટ કાનૂડો ખૂબ તોફાની હતો. પણ ગોકુળમાં ગોપ-ગોપીઓનો વ્હાલો હતો. કનૈયાની અનેક ફરિયાદોને ગણકાર્યા વિના બાળ કૃષ્ણને સતત હેતથી સાચવતા હતા. બાળ કૃષ્ણ પોતે ભગવાનનો અવતાર હોવા છતાં યશોદાના મનથી તો માત્ર તેનો લાલો જ હતો. અને એ રીતે જ પાલક માતાએ તેમનો ઉછેર કર્યો હતો.

કૃષ્ણ શબ્દને અલગ કરીએ તો કૃષ એટલે સત્તાવાચક અને ણ એ આનંદદાયક. જયોતિષશાસ્ત્ર મુજબ તેમનો જન્મ રોહિણી નક્ષત્રમાં થયો હતો. કૃષ્ણ અને યશોદાનો સંબંધ માતા અને પુત્રનો છે પરંતુ યશોદા સૃષ્ટિની બધી જ માતાઓના વાત્સલ્ય ભાવનાનું પ્રતિક છે.

માતૃભાષા અને માતૃભાષા સાહિત્યનું ગૌરવ, પ્રત્યેક ગુજરાતીની ધર્મ છે

પ્રસંગસર
વિશ્વ માતૃભાષા દિવસ
- સંજય મકવાણા

વર્તમાન સમયની માંગ એ ભાષા - સાહિત્યના અસ્તિત્વને ટકાવવાની છે. માતૃભાષાને મળેલું ગૌરવ અને માતૃભાષામાં રચાતા સાહિત્ય માટેનો આપણા પ્રત્યેક ગુજરાતીનો અર્મ શું હોઇ શકે? આજે બોલાતી - લખાતી ગુજરાતીને આપણે પ્રેમાનંદના સમયથી એટલે કે સત્તરમી સદી આસપાસના સમયગાળાથી ઉપયોગ કરી રહ્યા છીએ. મૂળ ભાષા સંસ્કૃતમાંથી પ્રાકૃત અને અપભ્રંશ અને જુની પશ્ચિમી રાજસ્થાની તરીકે ઓળખાતી આપણી ભાષાનું શુદ્ધરૂપ આજની ગુજરાતી છે. આજે આપણે આપણી ભાષા અને સાહિત્યનો વિચાર કરીએ તો ચાર શતકના સમય પછી પણ ભિન્ન ભિન્ન પ્રદેશ મુજબ પ્રાદેશિક બોલીનો વ્યાપ જોવા મળે છે. ભાષા પરથી બોલીમામાં આવી ગયાને! પણ આપણે માત્ર ગુજરાતી ભાષા લખાતી અને ઉપયોગમાં લેવાતી, વર્તમાનપત્રો, સમાચાર માધ્યમો અને સાહિત્ય દ્વારા જનસમુદાય સુધી પહોંચતી ભાષાનો વિચાર કરવો રહ્યો. મધ્યકાલીન કવિ શિરોમણિ પ્રેમાનંદે પોતાની ભાષાના ગૌરવ માટે પાઘડી નહી પહેરવાની પ્રતિજ્ઞા લીધેલી. (પાઘડીનું મૂલ્ય આજે કેટલું સમજાશે, ખબર નહિં) ત્યાંથી નર્મદ અને મહાત્મા ગાંધી સુધી આવતાં 'કોશ હાકતો કોશિયો પણ સમજી શકે તેવી ભાષા'ના સાહિત્યની જીકર કરેલી. આ સઘળી બાબતોના અવલોકન પરથી આપણે એવા તારણ પર આવવાનું રહ્યું કે આજે આમ સમુદાય કે આમ ગુજરાતીમાં કેટલું અને કેવું ભાષા - સાહિત્યનું ગૌરવ છે?

ભાષા અને સાહિત્યના સંવર્ધન માટે કેટકેટલા વિદ્વતજનોએ અથાગ પ્રયાસ અને પ્રયત્નો કર્યા છે. આજે આપણે ત્યાં 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ની જોડણીને માન્યતા પ્રાપ્ત થઇ છે ઉપરાંત ઊંઝાની જોડણી, લોકમિલાપની જોડણી વિશે પણ ખાસ્સી તરજોડ થઇ. પરિણામ સ્વરૂપ આજે જેટલી ગંભીરતા ગુજરાતી ભાષાની જોડણી માટે લેવાવી જોઇએ તેટલી લેવાતી નથી, એવું સતત લાગ્યા કરે છે.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા-કોલેજ કક્ષાએ ભણાવતા ગુજરાતી માધ્યમના પાઠ્યપુસ્તકો અને ગુજરાતી સાહિત્યના પાઠ્યપુસ્તકો પણ આ તબક્કો જોવા જોઇએ. સાહિત્ય સ્વરૂપોમાં રચાતી કૃતિઓ અને તેના નીવડેલા સર્જકો અને પ્રકાશકો આ બાબત ગંભીર જરૂર છે પણ કેટલાક વર્તમાનપત્રો અને સામયિકોની ભાષાને અશુદ્ધ ગુજરાતી કહીશું કે બોલચાલની ગુજરાતી કહીશું? આ વાતની નોંધ એટલે લેવી જોઇએ કે આટઆટલાં વર્ષો પછી પણ તેના માટે સાહિત્યિક સંસ્થાઓ કે સરકાર, વિશ્વવિદ્યાલયો કે વિદ્યાપીઠો ભવિષ્યમાં શું કરી શકે? કેવી રીતે કામ થઇ શકે? ગુજરાતી ભાષાની વાત આવે ત્યારે જોડાણીનો પ્રશ્ન પણ જોડાયેલો જ રહે છે. 'સાર્થ ગુજરાતી જોડણીકોષ'ના સંદર્ભે ગાંધીજીએ કહ્યું કે, 'હવે પછી કોઇએ સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.' સાહિત્યની ભાષાએ પણ ચોક્કસ પ્રકારની જોડણીનો સ્વીકાર કરેલો છે. કોષની કામગીરી માટે ગૂજરાત વિદ્યાપીઠને બિલદાવવી. રહી. જોડણી અને નૂતન શબ્દ નિર્માણની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આપણે જાણીએ છીએ તે પ્રમાણે આપણી ભાષામાં કેટલાયે સંસ્કૃત, તત્સમ, દૃશ્ય, ફારસી, અંગ્રેજી શબ્દો રૂઢ થયેલા છે. રોજબરોજના વ્યવહારમાં પણ આવા અસંખ્ય શબ્દોનો ઉપયોગ આપણે સહજતાથી અને સરળતાથી કરીએ છીએ.

વાત આગળ ચલાવીએ તો ભાષા જેવી જ પરિસ્થિતિ ભાષામાં રચાતા સાહિત્યની છે. કવિતા આનંદનો પર્યાય જ હોવો જોઇએ. વાર્તા કે નવલકથામાંથી કશુંક ભાથું નીપજવું જોઇએ. આ બધી જ બાબતોમાં આમ સમુદાય સુધી પહોંચાડવ માટે આજે આપણા માધ્યમોની ભૂમિકા શું હોય શકે. કેવા કેવા પ્રકારની પ્રવૃત્તિ દ્વારા જાગૃતિ કેળવી શકાય. આવા પ્રકારની એક કામગીરી દર્શન ફાઉન્ડેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી મનસુખ શલ્લાના સંયોજન તળે અને આદરણીય રઘુવીર ચૌધરીના માર્ગદર્શન તળે ગ્રામભારતીની અમરાપુર મુકામે વાંચન-લેખન શિબિરો યોજાયો. જેમાં ગુજરાતભરના પાંત્રીસેક નવયુવક-યુવતીએ ભાગ લેતા હોય છે. તેમાંથી ઘણું જ નીપજી આવશે આપણે એવી આશા છે કારણ કે સૂઝપૂર્વક, ઝીણવટભર્યું કામ થાય છે. માતૃભાષા અભિયાન યાત્રાઓ અને ભાષા પ્રેમ પ્રગટાવનારા સૌ કોઇની નિરબત અને ચિંતાને પણ કારણ છે જ. એક તબક્કો આપણે ત્યાં એવો હતો કે ધારાવાહિક નવલકથાની બોલબાલા હતી. ચિત્રલેખા કે અભિયાન, જન્મભૂમિ કે ફૂલછાબ જેવા સામયિક-પત્રો દ્વારા ઘણા નીવડેલા સર્જકો મળ્યાં અને ગુજરાતી વાચકવર્ગે પ્રેમ પણ આપ્યો. આજે આ પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. ટેલિવિઝનનો અતિરેક, યંત્રવત જીવનશૈલીને કારણે પરિણામ જુદું જ જોવા મળે છે. ભાષા અને સાહિત્યને આમાંથી કેવી રીતે મુક્ત કરવું મોટો પ્રશ્ન છે. ચિંતાનો વિષય તો એ છે કે આવનારા સમયમાં ભાષા અને સાહિત્યનું ગૌરવ આપણે સહુ સાથે મળીને કેવી રીતે કરી શકીએ. ખોટી ઘેલચા અને એક પ્રકારનું અનુકરણ, પ્રાદેશિકતામાં અટવાયા વિના માતૃભૂમિ અને માતૃભાષા માટે કંઇક કરી છૂટવાની ભાવના સૌ ગુજરાતીમાં પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સાથે...